**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૭/૨/૨૦૧૫ શનિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૬૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૧૪ લીટર દેશી દારૂ અને ૪ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૬૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરીઃ- સમાચાર યાદી નં.૨૬૭/૧૫**

**નરોડાઃ** રાગેશ બળવંતરાય શાહ (રહે.દ્વારકેશ એપાર્ટમેન્ટ રામબાગ સોસાયટી મણીનગર) એ તા.૬/૨/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧/૧૫ રાતના ૮/૩૦ થી તા.૩૦/૧/૧૫ સવારના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન નરોડા પાટીયા સેન્ટ્રલ ઓફીસ સીએસટી વર્કશોપ ઓફીસમાંથી લેપટોપ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે કે રાઠોડ ચલાવે છે.

**વાહન ચોરીઃ- સમાચાર યાદી નં.૨૬૮/૧૫**

**રખિયાલઃ** જસ્ટીસભાઈ યાકુબભાઈ પરમાર (રહે. અમીધારા ફ્લેટ રામીની ચાલી સામે રખિયાલ) એ તા.૨૭/૧/૧૫ રાતના ૧૦/૩૦ વાગે રહેણાંકના પાર્કિંગમાં પોતાનુ બજાજ કંપનીનુ પલ્સર મોટર સાયકલ નંબર જીજે ૨૭ એજે ૩૯૦૫ કિમત રૂપિયા ૭૫,૦૦૦/- પાર્ક કર્યુ હતુ. જેની ચોરી તા.૨૮/૧/૧૫ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ જસ્ટીશભાઈ પરમારે તા.૬/૨/૧૫ નારોજ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે કે ચૌધરી ચલાવે છે.

**શાહપુરઃ** હસનવલી મહેમદ જામ (રહે. બાબુશેઠની ચાલી દરીયાખાન ધુમ્મટ) એ તા.૩૦/૧/૧૫ બપોરના ૨/૪૫ વાગે શાહપુર એએમટીએસ ડેપો સામે પોતાની ઓટોરિક્ષા નંબર જીજે ૧ ડીટી ૧૮૯ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ૩૦ મીનીટમાં થઈ હતી. આ અંગેની ફરીયાદ હસનવલી જામે તા.૬/૨/૧૫ નારોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય જી ગુર્જર ચલાવે છે.

**ઘાટલોડીયાઃ** પ્રિયંકભાઇ શંકરભાઇ પટેલ (રહે.આસોપાલવ એપાર્ટમેન્ટ ટેલીફોન એક્ચેંજ પાસે નારણપુરા) એ તા.૪/૨/૧૫ રાતના ૯/૦૦ વાગે ઘાટલોડીયા આસોપાલવ એપાર્ટમેન્ટના પાર્કિંગમાં પોતાની મારૂતિ અલ્ટો કાર નંબર જીજે ૧૮ એબી ૯૫૭૯ કિમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૫/૨/૧૫ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ પ્રિયંકભાઈ પટેલે તા.૬/૨/૧૫ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે ભગોરા ચલાવે છે.

**<u>ગુમ થવા બાબતઃ</u>** **<u>સમાચાર યાદી નં.૨૬૯/૧૫</u>**

| | |
|---|---|
| **ગોમતીપુરઃ** રમીલાબહેન રમેશભાઈ પરમાર (ઉ.વ.૨૪)(રહે.ચોક્સીની ચાલી રખિયાલ રોડ ગોમતીપુર) તા.૧/૨/૧૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. આસમાની રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. નાકની ડાબી તરફ બે કાણાના નિશાન છે. ઉંચાઇ ૪ ફુટ ૬ છે. (ગોમતીપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૯૪૧૯૨૧) |  |
| **સેટેલાઈટઃ** પાયલબહેન ઉત્તમભાઈ ચૌહાણ (ઉ.વ.૨૨)(રહે.હરજીભાઈનુ ડેલુ શ્યામ પેન્ટરની ગલી) તા.૨૦/૧/૧૫ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. કાળા રંગની નાઈટી અને લાલ રંગનુ સ્વેટર પહેર્યુ છે. (સેટેલાઈટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૬૧૩૩૩) |  |
| **મણીનગરઃ** ગીરીશભાઈ લક્ષ્મણભાઈ રાઠોડ (ઉ.વ.૪૦)(રહે.ભુલાભાઈ પાર્ક પરિક્ષીતલાલનગર બહેરામપુરા) તા.૨૪/૧૨/૧૩ કલાક ૫/૦૦ વાગ્યાથી ગુમ થયા છે. મજબુત બાંધાના અને શ્યામવર્ણા છે. પેન્ટ-શર્ટ પહેર્યુ છે. ઉંચાઇ ૫ ફુટ ૪ ઈંચ છે. (મણીનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૪૬૦૦૮૯) |  |
| **મણીનગરઃ** નિકીતાબહેન દશરથભાઈ પટેલ (ઉ.વ.૧૯)(રહે. અક્ષરધામ રેસીડન્સી નવા નિકોલ ઓઢવ) તા.૨૪/૧/૧૫ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે મણીનગર સત્યમ ટાવર ખાતે ક્લાસીસમાં જવાનુ કહી નિકળ્યાબાદ પત્તો નથી. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનુ ટોપ અને કાળા રંગની લેગીસ પહેરી છે. ઉંચાઇ ૫ ફુટ છે. (મણીનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૪૬૦૦૮૯) |  |
| **કાગડાપીઠઃ** લલીતકુમાર ભગવાનદાસ ગોલવાણી (ઉ.વ.૩૭)(રહે. મહાત્મા ગાંધી સોસાયટી ક્રિશ્ચન ચર્ચ સામે બહેરામપુરા) તા.૧૯/૧/૧૫ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. માનસીક બીમાર છે તેમજ નાક ઉપર જુનુ વાગેલાનુ નિશાન છે. બ્રાઉન રંગનુ લીટીવાળુ શર્ટ અને પેન્ટ પહેર્યુ છે. ઉંચાઇ ૫ ફુટ ૫ ઈંચ છે. (કાગડાપીઠ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૪૫૪૪૪૬) |  |

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર
પોલીસ કમિશનર વતી.